## આખરે પ્રાંતિજ પાલિકાને સદ્દબુદ્ધિ આવતા....

# લાખ્ખો રૂપિયાના ખર્ચે તૈયાર થનાર પાઈપ લાઈન હટાવી

**ઉંચી રહેલ પાઈપ લાઈન હટતા રેલ્વે સ્ટેશન વિસ્તારના રહીશો તથા રોજીંદુ અવરજવર કરતા લોકોમાં ખુશી : મોડે મોડે પણ ભુલ સમજાતા રોડ થી ઉંચી લાઈન પાલિકાએ જાતે હટાવી**







પ્રાંતિજ તા ૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર કબીર ભુવન પાસે લાખો રૂપિયા ના ખર્ચે વરસાદી પાણીની પાઈપ લાઈન ઉંચી નખતા ચોમેર વિરોધ ને લઈ ને આખરે પ્રાંતિજ પાલિકાને સદ્દબુદ્ધિ આવતા લાખ્ખો રૂપિયા ના ખર્ચે તૈયાર થઈ રહેલ પાઈપ લાઈન ને ખુદ પાલિકા દ્રારા હટાવવામા આવી. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન રોડ ઉપર આવેલ કબીર ભુવન પાસે પ્રાંતિજ નગરપાલિકા દ્રારા ચાલી રહેલ યુ.ડી.પી ૮૮ માંથી ૧૫ લાખ ના ખર્ચે તૈયાર થઈ રહેલ વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈન રોડ થી ઉંચી હોય અને વળાંક વાળો રોડ હોય જેથી ટ્રાફિક તથા ભવિષ્યમા રોડ પહોળો ના થઈ શકોત જેને લઈ ને આજુબાજુ મા આવેલ સોસાયટીઓના રહીશોએ તથા સ્કુલ કોલેજ સંસ્થાઓ સહિત રોજીંદુ અવરજવર કરતા આજુબાજુ ના ગ્રામજનો દ્રારા વિરોધ ઉઠયો હતો છતાંય પ્રાંતિજ પાલિકા દ્રારા કામ ચાલુ હતુ ત્યારે અચાનક પાલિકા ની આંખો ખુલ્તા ભુલ સમજાતા સદ્દબુદ્ધિ આવતા ખુદ પાલિકા દ્રારા કેનાલ ના વરસાદી પાણી માટે નાખવામા આવેલ રોડ થી દોઢ ફુટ ઉંચી લાઈન ટેન મારફતે પાઈપ લાઈન ખોલી લેવામા આવી હતી તો પ્રાંતિજ પાલિકા દ્રારા પાઈપ લાઈન ખોલી દેતા આ વિસ્તાર ના રહીશો તથા રોજીંદુ અવરજવર કરતા લોકોમા ખુશી જોવા મળી હતી.

## પ્રાંતિજ બ્રીજ ઉપર બાઈક સ્લીપ ખાઈ જતા બાઈક સવારનું મોત

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મૌછા ના બાઈક સવાર નુ પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે આવેલ બ્રીજ ઉપર બાઈક સ્લીપ ખાઈ જતા અકસ્માત મા બાઈક સવાર નુ ધટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતુ. પ્રાંતિજના ત્રણ રસ્તા પાસે આવેલ બ્રીજ ઉપર ગુરૂવાર ના સવારે-૧૦.૩૦ કલાકે પ્રાંતિજ ના મૌછા ગામનો બાઈક ચાલક યુવાન બાઈક લઈ ને ત્યાંથી પ્રસાર થઈ રહ્યો હતો જે દરમ્યાન પોતાનુ બાઈક સ્લીપ ખાઈ જતા બાઈક સવાર બાઈક સાથે રોડ ઉપર પટકાયો હતો તો શરીરે તથા બરડાના ભાગે ધસાઈ જતા તથા માથાના ભાગે જીવલેણ ઈજાઓ પોહચતા કિસ્મત સિંહ મથુરસિહ પરમાર ઉ.વર્ષ-૨૭ રહે. મૌછા તા.પ્રાંતિજના યુવાનનુ ધટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતુ તો આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ ને થતા ધટના સ્થળે દોડી આવી હતી અને મૃતક યુવક ને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે ખસેડવામા આવ્યો હતો અને આગળ ની કાર્યવાહી હાથ ધરવામા આવી હતી.

**બાઇક સવારને ગંભીર ઈજાઓ પોહચતા બાઇક સવારનુ ધટના સ્થળે મોત**

# વાધપુર ખાતે અનુસુચિત જાતિ સામુદાયિક સહકારી ખેતી મંડળીની જમીન પચાવી પાડતા પોલીસ ફરિયાદ

**મંડળીની જમીન પચાવી પાડતા લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ થઇ : પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા છ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઇ : સરકાર દ્વારા ૧૯૮૫માં મંડળીને ખેતી કરવા જમીન ફાળવેલ હતી : મંડળીના ચેરમેન દ્વારા પોલીસ ફરિયાદ કરી**

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વાધપુર ખાતે અનુસુચિત જાતિ સામુદાયિક સહકાર ખેતી મંડળી સુચિત જમીન પચાવી પાડતા મંડળી ના ચેરમેન દ્રારા છ વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ ની ફરિયાદ થઈ

પ્રાંતિજ ના વાધપુર અનુસુચિત જાતી સામુદાયિક સહકારી ખેતી મંડળી સુચિત મંડળી ને સરકાર શ્રી દ્રારા ૧૯૮૫ ના વર્ષ મા ૧૭૧૧૨૧૧૯૮૫ ના રોજ વાધપુર ગામની સીમ મા આવેલ રી.સ.નં-૩૩૩ (જુનો સર્વે નં-૧૫૦/૮ ) ની ૧-૪૫-૫૪ હે.આર.ચોમી ખેતીની જમીન ખેતી કરવા સારૂ ફાળવેલ તે જમીન બિન પિયત હોઈ આ અમારી મંડળી સભાસદો દર વર્ષે ચોમાસાની સિઝન મા વાવેતર કરતા હતા અને ચોમાસા ની સિઝન પુરી થતા જમીન શિયાળુ ઉનાળુ સિઝન મા પડતર રહેતી હતી જે દરમ્યાન છેલ્લા ત્રણેક વર્ષ અગાઉ મંડળી ના ચેરમેન લલીતભાઈ તથા સેકેટરી સભ્યો ચોમાસા ની સિઝન મા જમીન મા વાવેતર કરવા જતા અનુસુચિત જાતીના સભ્યોની હોવાનુ જાણતા હોવા છતાંય છેલ્લા ત્રણ વર્ષ થી આ કામના આરોપીઓ બાલાજી મોતીજી મકવાણા, કનાજી બાલાજી મકવાણા, સોમાજી બાલાજી મકવાણા, લક્ષ્મણજી બાલાજી મકવાણા , રામાજી ડાહ્યાજી મકવાણા , અશોકજી રામાજી મકવાણા તમામે-તમામ રહે દરબાર વાસ , વાધપુર તાલુકો પ્રાંતિજ દ્રારા ગેરકાયદેસર રીતે કબ્જો કરી વાવેતર કરી ફરિયાદી મંડળીના ચેરમેન લલીતભાઈ ભીખાભાઈ તથા સેકેટરી છનાભાઈ કોદરભાઈ વણકર તથા કારોબારી સભ્ય નટવરભાઈ કરશનભાઈ પરમાર તથા સભ્યો ને કહેલ કે આ જમીન અમારા બાપ દાદાની છે અને અમો વાવેતર કરીશુ જો તમે અહિયા વાવેતર કરવા આવશો તો તમને જીવતા નહી રહેવા દઈએ તેવી ધમકીઓ આપી એકબીજા ની મદદગીરી કરી મંડળી ની જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડતા મંડળી ના ચેરમેન લલીતભાઈ ભીખાભાઈ પરમાર દ્રારા લેન્ડ ગ્રેબીંગ ની ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્રારા વાધપુર ના છ એ ઈસમો વિરૃધ્ધ ગુનોનોધી આગળ ની તપાસ હાથ ધરી હતી.

## ડીસા રૂરલ પોલીસ દ્વારા

# વર્ષો પહેલાં પકડાયેલ ૧૩૬ પામોલિન તેલના ડબ્બાનો બનાસ નદીના પટમાં નાશ કરાયો

ડીસા, તા. ૯

ડીસા રૂરલ પોલીસ દ્વારા તા.૨૫/૬/૨૦૧૨ ના રોજ ડબ્બાઓ કુલ ૧૩૬ પેક બંધ (અખાધ્ય પામોલીન તેલ) નો જથ્થો જપ્ત કરવામાં આવેલ હતો. ડેઝિગ્નેટેડ ઓફિસર, (ખોરાક અને ઔષધ નિયમનતંત્ર) દ્વારા પણ સદરહુ ડબ્બામાંનો અખાધ્ય તેલના જથ્થાનો નાશ કરવા કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવેલ પરંતુ જે તે સમયે સંજોગો



જે જપ્ત કરેલ જથ્થાનો એકજયુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેકટરે તા.૩૦/૦૬/૨૦૧૭ ના રોજ નાશ કરવા કરેલ હુકમ કરેલ.જે આધારે વસાત સદરહુ મુદ્દામાલનો નાશ કરી શકાયો ન હોઈ ? કબ્જે કરેલ મુદ્દામાલ પોલિસ મથકના સ્ટોરરૂમમાં પડી રહેલ હતો, જેથી પોલીસ અધિક્ષક તરુણ કુમાર દુગગલ તથા નાયબ પોલીસ અધિક્ષક (ડીસા) એ પોલીસ મથકમાં પડેલ જૂનો મુદ્દામાલ અને વાહન વિગેરે અંગે કાયદેસર કાર્યવાહી કરવાની સૂચના આપેલ હોઈ, રૂરલ પીઆઈ એમ. જે. ચૌધરીએ સને ૨૦૧૨ માં જમા લીધેલ ૧૩૬ પેક બંધ (અખાધ્ય પામોલીન તેલ) અંગેનું જૂનું દફતર તપાસતા સદરહુ મુદ્દામાલ નાશ કરવા સારું હુકમ થયેલ હોઈ ૧૩૬ ડબા ડીસાની બનાસ નદીના ખુલ્લા પટ વિસ્તારમાં લઈ જઈ જે.સી.બી. મશીનથી તમામ ડબ્બાઓને તોડી ફોડી તેમાંનુ અખાધ્ય પામોલીન તેલ ઢોળી દઈ નાશ કરવામાં આવેલ છે. બાદમાં, જે.સી.બી.મશીનથી ઢોળી દીધેલ તેલ ઉપર નદીની રેતી નાંખી દેવામાં આવેલ. તેમજ ખાલી થયેલ પતરાના ડબ્બાઓ નંગ ૧૩૬ સ્ક્રેપના છુટક વેપારીને આપી તેમાંથી થયેલ વળતર નાણાં સરકારમાં જમા કરાવવા તજવીજ કરવામાં આવેલ હતી.

# બનાસકાંઠામાં ૮૭૦૦ બુથ પર ૬૪૩૯ ઉમેદવારો માટે ૧૯ ડિસેમ્બરે મતદાન થશે

**૫૩૦ ગ્રામપંચાયત માટે ૧૮૭૭ સરપંચ ૪૫૬૨ વોર્ડના ઉમેદવારો મેદાનમાં : જિલ્લામાં ૫૮ ગ્રામપંચાયત સમરસ થતા ૫૩૦ ગ્રામ પંચાયતો માટે ચૂંટણી યોજાશે : ૨૦૧૬મા ૫૯ પંચાયત સમરસ થઈ હતી**

પાલનપુર તા. ૯

રાજ્ય સરકારના ચૂંટણી આયોગે ૧૯ ડિસેમ્બરના રોજ સ્થાનિક સ્વરાજની ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરતા ગામડાઓમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં ૫૩૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૧૮૭૭ ઉમેદવારો સરપંચો માટે અને ૬૪૩૯ ઉમેદવારો ગ્રામ પંચાયત ના વોર્ડ ના સભ્ય માટે ના ફોર્મ માન્ય રહેતા ઉમેદવારો ચૂંટણી લડવા સીંબોલ નું ચિન્હ પસંદ કરી ચૂંટણી પ્રચારમાં લાગ્યા છે ત્યારે ગામડાઓ મા લગ્નની સિઝન વચ્ચે ચૂંટણી નો પ્રચાર જોર શોર થી શરૂ કરી દેવામાં આવ્યો છે.

બનાસકાંઠામાં ૫૮૮ ગ્રામ પંચાયતો ની ચૂંટણી માં ૫૮ ગ્રામ પંચાયતો સમરસ થતા ૫૩૦ ગ્રામપંચાયતો માટે ૧૯ ડિસેમ્બર ના ૮૭૦૦ બુથ પર ૬૪૩૯ ઉમેદવારો માટે મતદાન પ્રક્રિયા હાથ ધરાશે.

### તાલુકા સમરસ પંચાયત

| | | | |
|---|---|---|---|
| પાલનપુર | ૧૩ | ધાનેરા | ૦૦ |
| વડગામ | ૦૮ | દાંતીવાડા | ૦૨ |
| દાતા | ૦૬ | થરાદ | ૦૨ |
| અમીરગઢ | ૦૦ | વાવ | ૦૦ |
| ડીસા | ૦૮ | સુઇગામ | ૦૦ |
| કાંકરેજ | ૧૨ | ભાભર | ૦૨ |
| દિયોદર | ૦૧ | કુલ | ૫૮ |
| લાખણી | ૦૪ | | |

# ડીસા તાલુકાના જુના ડીસામાં તબીબે પત્રકાર સામે ફરિયાદ નોંધાવી

**પત્રકારની ઓળખ આપી નાણાંની માગણી કર્યાના આક્ષેપો**

ડીસા, તા. ૯

ડીસા તાલુકાના જુનાડીસા ગામે તબીબને ધમકાવી નાણાંની માગણી કરી ખંડણી માંગતા પત્રકાર સામે તબીબે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

હકીકત વિગત એવી છે કે તબીબ રાકેશ સુરેશભાઈ પટેલ બી.એ.એમ.એસ. ની ડીગ્રી ધરાવે છે અને જુનાડીસા ગામે દવાખાનું ખોલી છેલ્લા અગિયાર વર્ષથી આસપાસના ગામોમાંથી આવતા દર્દીઓને સારવાર આપે છે ત્યારે જુનાડીસા ગામના મુસામિયા હયાતખાન ચાવડા તબીબ રાકેશ પટેલની હોસ્પિટલમાં જઈ પોતે જી નાઈન યુ ટ્યુબનો પત્રકાર હોવાની ઓળખ આપી હોસ્પિટલના ફોટા અને વીડિયો ઉતારી કહેલ કે તમારી પાસે બોગસ ડીગ્રી છે ,નશીલી દવાઓ વેચો છો. તેમ કહી વિડીયો યુ ટ્યુબ ચેનલ પર પ્રસિદ્ધ ન કરવો હોય તો રૂ.૨૫ હજારની ખંડણી માંગેલ અને તબીબ રાકેશ પટેલ પાસેથી ખિસ્સામાં પડેલ રૂ.૭૮૦૦ બળજબરીથી કઢાવી લીધેલ. જેથી તબીબ રાકેશ પટેલે ડીસા તાલુકા પોલીસ મથકમાં આરોપી મુસામિયા હયાતખાન ચાવડા ( રહે જુનાડીસા) સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## પત્રકારે પણ ડોકટર સામે ધમકીની રજુઆત કરી....

જુનાડીસા ગામે એક ખાનગી ચેનલમાં પત્રકાર દ્વારા સ્થાનિક તબીબ આર્યવેદીકના નામે એલોપેથીક સારવાર કરતા હોઈ આ બાબતનો અહેવાલ પોતાની ચેનલમાં પ્રશારીત કર્યો હતો જે બાબતે તબીબે પત્રકાર સામે ધમકાવી નાણાંની માગણી કરી હોવાની ફરિયાદ ડીસા તાલુકા પોલીસ મથકે નોંધાવી હતી ત્યારબાદ આ મામલે કથિત પત્રકાર દ્વારા પણ તબીબ દ્વારા તેમને નાણાંની લાલચ આપી માર મારવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કર્યો હતો અને આ બાબતે ડીસા તાલુકા પોલીસ મથકે અને જિલ્લા પોલીસ વડાને તબીબ વિરુદ્ધ અરજી કરી ફરિયાદ નોંધવાની રજુઆત કરી છે.

# ડીસાના આખોલ ગામે ચૂંટણીને લઈને તાલુકા પોલીસ દ્વારા લોક દરબાર યોજાયો

**ચૂંટણી દરમ્યાન ગામમાં કાયદો- વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવાની અપીલ**

ડીસા, તા. ૯

ડીસા તાલુકામાં ગ્રામ પંચાયતની ચુંટણીમાં ફોર્મ પરત ખેંચવાના પ્રક્રિયા પુર્ણ થતાં હવે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે દરેક ગામોમાં કાયદો વ્યવસ્થાની સ્થિત જળવાઈ રહે તે માટે પોલીસ પણ સક્રિય બની છે અને દરેક



ચુંટણી માટેની રસાકસી જામી છે. કોણ બનશે સરપંચ ? ને લઈને દરેક ગામોમાં ભારે રાજકીય રંગ જામ્યો છે આગામી ૧૯ તારીખે મતદાન બાદ ૨૧ તારીખે ચુંટણી પરીણામ જાહેર કરાશે પરંતુ હાલમાં દરેક ગામોમાં ચુંટણીને લઈને ભારે ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાની તૈયારી કરવામાં આવી રહી છે ત્યારે ડીસા તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગામોમાં ચૂંટણીને લઈને તાલુકા પી. આઈ. એમ. જે.ચૌધરી દ્વારા લોક દરબાર યોજવામાં આવી રહ્યો છે અને જરૂરી સુચનાઓ સાથે માર્ગદર્શન આપીને ગામમાં કોઈપણ જાતની અવ્યવસ્થા ઉભી ના થાય તે માટે ઉમેદવારો અને ગ્રામજનો સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી રહી છે આ પ્રક્રિયાના ભાગ રુપે બુધવારે ડીસા તાલુકાના માલગઢ,આખોલ અને કંસારી ગામે લોક દરબાર યોજાયો હતો જેમાં ડીસા તાલુકા રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. જે. ચૌધરી દ્વારા આખોલ ગામ સહીત દરેક ગામમાં સર્વ સમાજના લોકો તેમજ બંને પક્ષના ઉમેદવારોને માર્ગદર્શન આપ્યું હતું તેમજ સરકારની ગાઈડલાઈન મુજબ સોસીયલ ડિસ્ટન્સ સાથે ફરજિયાત માસ્ક પહેરવું અને ગામમાં ચૂંટણીને લઈને કોઈ વિવાદ થાય એવું કામ કરવું નહીં તેમજ ચૂંટણીની વાતો ચૂંટણી પૂરતી જ રહેવી જોઈએ તેમ જણાવ્યું હતું.

# ડીસામાંથી એસટી પાર્સલમાંથી વિદેશી દારૂ ઝડપાયો


ડીસા, તા. ૯

રાજસ્થાનમાંથી ગુજરાતમાં દારૂ ઘુસાડવાની બુટલેગરો અવનવા કીમિયા અજમાવતા રહે છે જેમાં બુટલેગરોએ એસટી બસના પાર્સલ મારફત દારૂ સપ્લાય કરવાનું ચાલુ કર્યું છે. જેમાં બાડમેર ના બુટલેગર દ્વારા એસટી પાર્સલ મારફત ભુજ ખાતે દારૂ મોકલવામાં આવતા



ડીસા ઉત્તર પોલીસે ડીસા ડેપોના પાર્સલ રૂમ માંથી વિદેશી દારૂ ભરેલ આ પાર્સલ ઝડપી પાડયા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ બાડમેર થી ભુજ મોકલવા માટે બાડમેર હિંમતનગર બસ મા ૫ પાર્સલ આવ્યા હતા. જે ડીસા ડેપોના પાર્સલ રૂમ માં ઉતારી બીજા દિવસે ભુજ ક્રોસિંગ આપવાના હતા. જોકે આ પાર્સલ માં વિદેશી દારૂ હોવાની શંકા જતા પોલીસે તપાસ કરતા પાંચેય પાર્સલમાં પુઠાના પાઉચમાં વિદેશી દારૂ ભરેલો મળી આવ્યો હતો. પોલીસે કુલ પાંચ પાર્સલ જેમાં અંદાજે ૨૪૦ નંગ જેટલા પાઉચ દારૂ ભરેલા જપ્ત કર્યા હતા. બાડમેર થી ગાયત્રી મેડિકલ ભુજના નામના પાર્સલની રસીદો પણ પોલીસે જપ્ત કરી હતી.

## જન્મદિને વધામણી



હસમુખભાઈ એસ.શાહ(વીમા વાળા) વલ્લભનગર સોસાયટી બાયડ જિ.અરવલ્લી



નૈષેધભાઈ વ્યાસ અમદાવાદ



મીત બારોટ બાયડ



નરેન્દ્ર કે.પટેલ વડાગામ તા.ધનસુરા



જીયાંશી બ્રિજેશ કુમાર ભાટિયા હિંમતનગર



કૃપા જતીન કુમાર પટેલ રડોદરા તા. બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન